# પ્રાંતિજ આશીર્વાદ સોસાયટીમાં બંધ મકાનના તાળાં તૂટ્યા





પ્રાંતિજ, તા. ૨૦

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ એપ્રોરોચ રોડ ઉપર આવેલ આશીર્વાદ સોસાયટીમાં રાત્રીના સમયે તસ્કરોએ બંધ મકાનના તાળા તોડી ઘરમાં પ્રવેશ કરી ઘરમાં રહેલ સરસામાન વેર વિખેર કરી રફુચક્કર થઈ ગયા હતા.

પ્રાંતિજના હાર્ડ સમાન એપ્રોચરોડ ઉપર આવેલ આશીર્વાદ સોસાયટીમાં ગઈ રાત્રીએ અજાણ્યા ત્રસ્કરો દ્વારા પટેલ રમેશભાઈ એચના બંધ મકાનના ઓસળીના જાળીના નકુચા તોડી મેન દરવાજાનો નકુચો તોડી ઘરમા પ્રવેશ કરી તિજોરી તથા સોકેસના કબાટ તથા પેટી પલંગ રસોડા સહિતનો સરસામાન વેર વિખેર કર્યો હતો અને રોકડ રકમ કે સોના-ચાદીના દાગીના હાથ ના આવતા તસ્કરો વિલા મોઢે પરત ફર્યા હતા. વહેલી સવારે પડોશીઓને જાળી ખુલ્લી જોઈ ખબર પડતાં આજુબાજુના સોસાયટીના રહીશો ભેગા થઈ ગયાં હતા અને મકાન માલિકના ગાંધીનગર ખાતે રહેતા નાના પુત્રને જાણ કરી હતી. હાલ મકાન માલિક તેમના પત્ની સાથે તેમના મોટા પુત્ર સાથે કેનેડા ગયેલ છે. ગાંધીનગર ખાતે રહેતા તેમનો નાનો પુત્ર પડોશીઓએ જાણ કરતાં દોડી આવ્યો હતો. પ્રાંતિજ પોલીસને પણ જાણ કરાતા પોલીસ પણ ઘટનાસ્થળે દોડી આવી હતી. હાલ તો તસ્કરો ઘરમા ઘુસી તિજોરી સહિતનો સરસામાન વેરવિખેર કરી રફુચક્કર થતાં ત્યારે બીજી બાજુ સોસાયટીના રહીશો દ્વારા પોલીસ પેટ્રોલિંગની માંગ ઉઠવા પામી છે.

# વડગામના ભુખલા નજીક ટ્રેકટર-કાર વચ્ચે અકસ્માત : ૪ને ઈજા

વડગામ, તા. ૨૦

વડગામ તાલુકાના ભુખલા ગામ પાસે શુક્રવારના સાંજના સમયે એક કાર અને ટ્રેકટર વચ્ચે ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો.

જેમાં અકસ્માત એટલો ભયાનક હતો કે ટ્રેકટરના બે ટુકડા થઈ ગયા હતા, જ્યારે કારને પણ આગળના ભાગે ભારે નુક્સાન થવા પામ્યુ હતું. કારમાં બેઠેલા ૨ લોકોને તેમજ ટ્રેકટરમાં બેઠેલા બે વ્યક્તિઓને ઈજાઓ થવા પામી હોવાનું જાણવા મળ્યું હતું. જેઓને તાત્કાલિક પાલનપુર ખાતે સારવાર અર્થે લઈ જવાયા હોવાનું જાણવા મળ્યું છે.

વડગામ તાલુકાના એદરાણા ગામના અમરતભાઈ પરમાર ટ્રેકટર લઈને વડગામથી ખેરાલુ હિમંતનગર જવાના હાઈવે ઉપર આવેલા ભુખલા ગામ નજીક આવેલા મહાકાળી મંદિર પાસેથી પસાર થઈ રહ્યા હતા તે સમયે કાર અને ટ્રેકટર વચ્ચે અકસ્માત સર્જાયો હતો. જેમાં ટ્રેકટરના બે ટુકડા થઈ





જવા પામ્યા હતા અને ટ્રેકટર ચાલક અમરતભાઈ પરમાર ફંગોળાઈને રોડની સાઈડમાં દૂર ફેકાઈ ગયા હતા તેમજ ટ્રેકટરમાં બેઠેલા અન્ય બે વ્યક્તિઓ તેમજ કારમાં બેઠેલા બે વ્યક્તિઓ મળીને ચાર લોકોને ઈજાઓ થઈ હતી. જેઓને તાત્કાલિક પાલનપુર ખાતે સારવાર અર્થે લઈ જવાયા હોવાનું જાણવા મળ્યું છે. આ અંગેની ફરિયાદ છાપી પોલીસ મથકે અમરતભાઈ પરમાર નોધાવી છે. છાપી પોલીસ દ્વારા અકસ્માત અંગેનો ગુનો નોંધીને આગળની તપાસ હાથ ધરી છે.



**લીલછા રચના વિદ્યાલયમાં વિદ્યાર્થીઓને ગણવેશ વિતરણ કરાયુ**

શ્રી રામકૃષ્ણ એજ્યુકેશન ટ્રસ્ટ, વેજપુર સંચાલિત રચના વિદ્યાલય, લીલછામાં મણીબા પેટ્રોલ પંપ, ભિલોડાના સંચાલક ધ્વારા ગણવેશ વિતરણનો કાર્યક્રમ યોજાયો હતો. વિદ્યાર્થીઓ અને વાલીઓમાં આનંદની લાગણી પ્રસરી હતી. આ પ્રસંગે અરવલ્લી જીલ્લા ભાજપ આદિજાતિ મોરચો પ્રમુખ અમૃતભાઈ બરંડા, મહામંત્રી શૈલેષભાઈ મોથલીયા સહિત સામાજીક આગેવાનો, શિક્ષકો હેમલત્તાબેન બરંડા, મોનીકાબેન બરંડા, સચીનભાઈ બરંડા, નિલેશભાઈ પ્રજાપતિ, સુરપાલસિંહ સિસોદીયા, સ્ટાફ પરીવાર તેમજ વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# મેઘરાજાને રીજવવા બનાસ ડેરી દ્વારા પર્જન્ય યજ્ઞ યોજાશે

પાલનપુર, તા. ૨૦

ખેતી અને પશુપાલન સાથે જોડાયેલો બનાસકાંઠા જિલ્લો અપુરતા વરસાદને લઈને ચિંતિત છે ત્યારે મેઘરાજાને મનાવવા બનાસ ડેરી દ્વારા તા. ૨૨મીને સોમવારે, ડેરીના શિવ મંદિર પ્રાંગણમાં વિદ્વાન શાસ્ત્રીઓ દ્વારા પર્જન્ય યજ્ઞનું આયોજન કરવામાં આવેલ છે.

જિલ્લામાં હરિયાણી ક્રાંતિ થાય, વધુ વૃક્ષો દ્વારા પર્યાવરણનું જતન થાય અને આવનારા ભવિષ્યમાં આ ધરતી પર વધુ વરસાદ થાય તેવા શુભ આશયથી બનાસ ડેરી અને ગુજરાત મિલ્ક માર્કેટિંગ ફેડરેશનનાં સંયુક્ત ઉપક્રમે, બનાસ ડેરીના સભાસદો દ્વારા કુલ ૨૧ લાખ જેટલા વૃક્ષો વાવીને તેનું જતન કરવાનો નિર્ણય લીધો છે. જેમાં બનાસ ડેરી સાથે જિલ્લાની સેવાભાવી સંસ્થાઓ, એન. જી. ઓ., શાળા-કોલેજો, પર્યાવરણ પ્રેમીઓને પણ સાંકળીને ૨૫ જુલાઈથી ૩૧ ઓગસ્ટ દરમ્યાન સામુહિક વૃક્ષારોપણ અભિયાન ચલાવવાનો નિર્ણય કર્યો છે. જેના આયોજનનાં ભાગ સ્વરૂપે તા.૨૨-૭-૨૦૧૯ રોજ સવારે ૧૧ કલાકે, બનાસ ડેરીનાં અન્નપુર્ણા ભવન ખાતે ચેરમેન શંકરભાઈ ચૌધરીના અધ્યક્ષસ્થાને વૃક્ષારોપણ અભિયાન અંગેની બેઠકનું આયોજન કરેલ છે. જેમાં સેવાભાવી સંસ્થાઓનાં પ્રમુખો, સહકારી આગેવાનો તેમજ અગ્રણી સમાજનાં પર્યાવણપ્રેમી હાજર રહે તે માટેનો અનુરોધ બનાસ ડેરી દ્વારા કરવામાં આવ્યો છે. જેમાં જિલ્લા કલેકટર, જિલ્લા વિકાસ અધિકારી અને જિલ્લા વન સંરક્ષક અધિકારી ઉપસ્થિત રહીને જરૂરી માર્ગદર્શન આપશે.

# ભિલોડા પોલીસે ન્યુ બ્રાન્ડેડ સ્કોર્પિઓમાંથી ૧.૬૮ લાખનો વિદેશી દારૂ ઝડપ્યો

ભિલોડા, તા. ૨૦

ગાંધીના ગુજરાતમાં દારૂબંધીનો ફાયદો ઉઠાવી વિદેશી દારૂનો ગેરકાયદેસર ધંધો કરતા બુટલેગરો વિદેશી દારૂમાં અનેક ગણો નફો રળતા હોવાથી વિદેશી દારૂ ઘુસાડવા ન્યુ બ્રાન્ડેડ અને લકઝુરિયસ કારનો મોટા પ્રમાણમાં ઉપયોગ કરી પોલીસની આંખોમાં ધૂળ નાખવાનો પ્રયત્ન કરતા હોય છે. ભિલોડાના કમઠાડીયા ગામની સીમમાંથી સ્કોર્પિયોમાં વિદેશી દારૂ ભરી પસાર થતા બુટલેગરો નાઈટ પેટ્રોલિંગ જોઈ ગાડી રોડ પર મૂકી ફરાર થઈ જતા પોલીસે સ્કોર્પિઓમાંથી ૧.૬૮ લાખનો વિદેશી દારૂ ઝડપી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

ભિલોડા પીએસઆઈ એસ.એચ. પરમાર અને ટીમ શુક્રવારે નાઈટ પેટ્રોલિંગમાં સ્કોર્પિઓ ગાડીમાંથી વિદેશી દારૂ અને બુટલેગરોના મોબાઈલ નંગ-૩ પણ કબ્જે લીધા હતા ત્યારે બુટલેગરો ફરાર થઈ જતા ભિલોડા પોલીસ જોતી રહી અને બુટલેગરો જતા રહ્યા જેવો ઘાટ સર્જાતા પોલીસતંત્રની પ્રોહીબીશનની કામગીરી અંગે અનેક પ્રશ્નાર્થ ઉભા



થયા હતા.

ભિલોડા પોલીસે કમઠાડીયા ગામની સીમમાં રોડ નજીક બિનવારસી હાલતમાં પડેલી ન્યુ બ્રાન્ડેડ સ્કોર્પિઓમાં તલાસી લેતા કારમાંથી ગેરકાયદેસર વગર પાસ પરમીટની વિદેશી દારૂની બોટલ નંગ-૩૬૦ કીં. રૂ.૧૬૮૦૦૦ ગાડીમાંથી મળી આવેલ મોબાઈલ નંગ-૩ કીં. રૂ.૧૫૦૦ તથા સ્કોર્પિઓ ગાડી કીં. રૂ.૮૦૦૦૦૦ મળી કુલ રૂપિયા ૯૬૯૫૦૦નો મુદ્દામાલ જપ્ત કરી સ્કોર્પિઓ ગાડીમાં વિદેશી દારૂ ઘુસાડવાનો નિષ્ફળ પ્રયાસ કરનાર અને પોલીસને થાપ આપી રફુચક્કર થનાર બે અજાણ્યા બુટલેગરો વિરુદ્ધ પ્રોહિબિશન એક્ટ હેઠળ ગુન્હો નોંધી ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા હતા.

# પ્રાંતિજ ચિત્રિણી નર્સિંગ કોલેજ ખાતે વૃક્ષકથા તથા વૃક્ષારોપણ કાર્યક્રમ યોજાયો



પ્રાંતિજ, તા. ૨૦

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે આવેલ ચિત્રિણી નર્સિંગ કોલેજ ખાતે વૃક્ષકથા તથા વૃક્ષારોપણ કાર્યક્રમ યોજાયો હતો જેમાં કોલેજના વિદ્યાર્થીઓ તથા શાળાના બાળકો તથા સ્ટાફ સહિત જાયન્ટસ ગૃપના સભ્યો ઉપસ્થિત રહ્યા હતા. પ્રાંતિજ રેલ્વે સ્ટેશન વિસ્તારમાં આવેલ ચિત્રિણી નર્સિંગ કોલેજ ખાતે પ્રાંતિજ જાયન્ટસ ગૃપના સહયોગથી વૃક્ષકથા તથા વૃક્ષારોપણ કાર્યક્રમ યોજાયો હતો જેમાં કથાપોથી શોભાયાત્રા સહિત વૃક્ષોની પૂંજા સહિત વૃક્ષ કથાનું આયોજન કરવામાં આવ્યું હતું. મહંત સુનીલદાસજી મહારાજ દ્વારા કથા કરવામાં આવી હતી, કથામાં યજમાન પદે કોલેજના પ્રિન્સિપાલ નરેન્દ્રભાઈ શર્મા તથા કોલેજના હબુભા ઝાલા કથા પૂંજાનો પરિવાર સાથે લાભ લીધો હતો. વૃક્ષકથા બાદ વૃક્ષોની આરતી સહિત પૂજા બાદ પ્રસાદનું પણ વિતરણ કરવામાં આવ્યું હતું. નર્સિંગ કોલેજ કેમ્પસમાં ઉપસ્થિત મહેમાનો તથા જાયન્ટસ ગૃપના સભ્યો તથા શાળાના બાળકો કોલેજના વિદ્યાર્થીઓ દ્વારા આયોવેદિક વૃક્ષોનું વુક્ષારોપણ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે કોલેજના સંચાલક એ.કે. પટેલ, નૃપાંશભાઈ પટેલ, જાયન્ટસથીના પ્રમુખ કૌશિકભાઈ પટેલ, ડૉકટર એન.કે. ડેરિયા, વજેશભાઈ ભાવસાર, હાર્દિકભાઈ બ્રહ્મભટ્ટ, પિયુષભાઈ ભાવસાર સહિત જાયન્ટસ સભ્યો ચિત્રિણી નર્સિંગ કોલેજ સ્ટાફ સહિત શાળા સ્ટાફ સહિત શાળા કોલેજના વિદ્યાર્થીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યાં હતાં અને વૃક્ષકથા સહિત વૃક્ષારોપણ કાર્યક્રમમાં ઉપસ્થિત રહ્યા હતા.

**તેનીવાડા પ્રાથમિક શાળાના સ્થાપના દિવસની ઉજવણી પ્રસંગે**

# તેનીવાડા ગ્રામપંચાયતના સામાજિક ન્યાય સમિતિના ચેરમેનનો ઉભેલો ફોટો વાયરલ કરી સર્જ્યો વિવાદ

**ફોટો વાયરલ કરીને ગામની એકતા તોડવાનો કર્યો પ્રયાસ**

વડગામ

વડગામ તાલુકાના તેનીવાડા પ્રાથમિક શાળા ને તા ૧૭/૭/૨૦૧૯ના ૭૬ વર્ષ પુર્ણ થતાં શાળા માં કેક કાપી ને ઉજવણી કરવામાં આવી હતી

જેમાં તેનીવાડા પંચાયત ના તલાટી જીગરભાઈ ચૌધરી દ્વારા સ્કૂલ ના વિધાર્થી ઓને તિથી ભોજન આપવામાં આવ્યું હતું આ પ્રસંગે પંચાયત ના તમામ સદસ્ય શ્રી ઓ તેમજ સરપંચ તલાટી અને ગામના આગેવાનો સાથે શાળા પરિવારનો સ્ટાફ ગણ હાજર રહીને શાળાની સ્થાપના ને છોત્તર વર્ષે પૂર્ણ થતાં કેક કાપીને ઉજવણી કરવામાં આવી હતી. તે સમયે તેનીવાડા પંચાયત ના સભ્ય અને સામાજિક ન્યાય સમિતિ ના ચેરમેન શાળામાં પ્રાર્થના શરૂ થયા બાદ આવ્યા હતા ન્યાય સમિતિ ના ચેરમેન શાળામાં સિસ્ત અને સંસ્કારના દર્શન કરાવી પ્રાર્થના કાળના સમય દરમિયાન બે મિનીટ જેવા સાઈડ માં ઉભા રહેતાં સ્કૂલના આચાર્ય ની નજર જતાં ખુરશી લાવીને બેસાડ્યા હતા કાર્યક્રમ શરૂ થયા બાદ લેટ પહોંચેલા સામાજિક ન્યાય સમિતિ ના ચેરમેન નો બે મિનીટ સાઈડમાં ઉભા રહેલા પંચાયતના દલિત સદસ્ય અને સામાજિક ન્યાય સમિતિ ના ચેરમેન પ્રત્યે આરમાયુ વર્તન નો ફોટો વાયરલ થતાં વિવાદ સર્જાયો હતો જ્યારે આ બાબતે શાળાના આચાર્યશ્રી ને પુછતાં આવું કંઈ બન્યું



જ નથી માત્ર ગામની એક્તા તોડવા ના કેટલાક વિઘ્નસંતોષી લોકો દ્વારા પ્રયાસ કરીને ગામને શાળાને બદનામ કરવાનો પ્રયાસ કરાયો છે

તેનીવાડા પંચાયત ના સામાજિક ન્યાય સમિતિ ના ચેરમેન શું કહે છેઃ- સામાજિક ન્યાય સમિતિ ના ચેરમેન વસરામભાઈ જગાણીયા ને આ બાબતે પુછતાં તેમને મિડીયા સાથે સ્પષ્ટ પ્રતિક્રિયા આપી ને જણાવ્યું હતું કે મારી સાથે આવું કોઈ બન્યું જ નથી× હૂં શાળા માં કાર્યક્રમ શરૂ થયા બાદ પહોંચતા પ્રાર્થના ચાલુ હોવાથી હું થોડી વાર શાળામાં સિસ્તનુ પાલન કરીને બેજ મિનીટ સાઈડ માં ઉભો રહેતો આચાર્ય શ્રી ની નજર મારી સામે પડતાં જ મને ખુરશી આપીને માનભેર બેસાડવામાં આવ્યો હતો અને ત્યાર બાદ મારા હસ્તે જ દિપપ્રાગ્ટય કરીને કેક કાપી ને દરેકને મોં મીઠું કરાવવામાં આવ્યું હતું ભેદભાવ ભર્યું કોઈજ વર્તન કરાયું ન હોવાનું સ્પષ્ટ જણાવ્યું હતું અને વધુમાં જણાવ્યું હતું કે ગામની એકતા ને તોડવા કોઈ વિઘ્નસંતોષી દ્વારા પ્રયાસ કરાયો છે જેની સામે કાર્યવાહી કરવા મેં પંચાયત ને જણાવ્યું છે

# ડીસામાં યુવતીએ ચોથા વર્ગના કર્મચારીનું એટીએમ સેરવી બેંક ખાતામાંથી ૧૮ હજાર ઉપાડી લીધા

ડીસા

ડીસાની સરકારી હોસ્પિટલમાં સેવક સાથે ડિજિટલ છેતરપિંડીનો બનાવ બન્યો છે.કોઈ અજાણી યુવતી આ સેવકનું એ.ટી.એમ. સિફતાઈપૂર્વક બદલી દઈ તેના બેંકખાતામાથી ૧૮,૩૦૦ રૂપિયા ઉપાડી લીધા છે.આ બાબતે સેવકે ડીસા શહેર દક્ષિણ પોલીસ મથકમાં લેખિત જાણ કરતાં પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.નવી ટેક્નોલૉજી લોકો માટે ઉપયોગી છે તો બીજી તરફ એ જ ટેક્નોલૉજી લોકો માટે નુકશાનરૂપ પણ બની રહી છે.ડીસામાં સરકારી હોસ્પિટલમાં ફરજ બજાવતા સુરેશભાઈ રાઠોડને આ ટેક્નોલૉજીની આડઅસરનો ભોગ બનવાનો વારો આવ્યો છે. સુરેશભાઈ રાઠોડ ડીસાની સરકારી હોસ્પિટલમાં સફાઈકર્મી તરીકે ફરજ બજાવે છે.ગત ત્રીજી જુલાઈએ તેઓ ડીસાની એક્સિસ બેન્કના એટીએમ પર પૈસા ઉપાડવા ગયા હતા. તે દરમ્યાન તેમને એટીએમમાથી પૈસા ઉપાડવાનું ફાવતું ન હોઈ આ યુવકે એટીએમમાં આવેલી એક યુવતીની મદદથી પૈસા ઉપાડ્યા હતા. પરંતુ સુરેશભાઈ રાઠોડ અભણ હોઈ મદદ કરવાના બહાને આ યુવતીએ સુરેશભાઈનું એટીએમ બદલી દઈ બીજા દિવસે ચોથી જુલાઈએ સુરેશભાઈના ખાતામાથી દશ હજાર ઉઠાવી લીધા હતા. ત્યારબાદ નવમી જુલાઈએ પહેલા આઠ હજાર અને બાદમાં ત્રણસો રૂપિયા ઉઠાવી લીધા હતા. આ અજાણી યુવતીએ સુરેશભાઈ રાઠોડના ખાતામાથી અઢાર હજાર ત્રણસો રૂપિયા ઉપાડી લેતા મુશ્કેલીમાં મુકાઈ ગયેલા સુરેશભાઈ રાઠોડે આ મામલે ડીસા શહેર દક્ષિણ પોલીસ મથકમાં અરજી કરી છે.

## ટ્રેઈન શરૂ કરવા

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

યાત્રિકોને આનુસંગિક સુવિધાઓનો ભારોભાર અભાવ વર્તાય રહ્યો છે. આવા સંજોગોમાં સ્ટેશન પર આવતી ટ્રેઈન પણ હાલ પુરતી બંધ છે. બીજીતરફ ગત દિવસોમાં જ ભાવનગર ઉધમપુર ટ્રેઈન ગાંધીનગર થઈને દોડવાનો નિર્ણય લેવાતા સ્થાનિકોમાં આનંદની લાગણી વ્યાપી છે. ભાવનગરની ટ્રેઈન અગાઉ પણ શરૂ કરવામાં આવી હતી. જયારે હાલ ઉધમપુરની નવી ટ્રેઈન ફાળવવામાં આવતા કેપિટલ સ્ટેશનને વધુ એક નવી ટ્રેઈન મળી છે. આ મામલે શહેર વસાહત મહામંડળે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી તેમજ ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ અમિત શાહને પત્ર લખી આભારની લાગણી વ્યકત કરી છે. જયારે આ મામલે દિલ્હીથી મળેલા વળતા પ્રતિભાવના અંતે મહામંડળના પ્રમુખ અરૂણ બુચે કેપિટલ સ્ટેશનનુ મુંબઈ જોડાણ થાય તે માટે નવી ટ્રેઈન શરૂ કરવા પણ માંગણી કરી છે. જેમાં ગુજરાત મેઈલ તેમજ ગુજરાત ક્વિન ગાંધીનગરથી દોડાવવા પણ રજુઆત કરી છે જેથી કેપિટલ સ્ટેશનનુ મુંબઈ સાથે જોડાણ થાય હાલ ગાંધીનગરથી દોડતી ગરીબ રથ પણ બંધ છે. જયારે આ ટ્રેઈન મોડી રાત્રિના સમયની છે. જયારે દિવસ દરમિયાન મુંબઈ રૂટની એક ટ્રેઈન ફાળવવા માટે પણ પ્રબળ માંગણી કરવામાં આવી છે. ગાંધીનગર કેપિટલ સ્ટેશનનો દાયકાઓના અંતે પણ જરૂરી વિકાસ થયો નથી જયારે ગાંધીનગરને રેલવે બજેટના અંતે પણ કાંઈ હાથ લાગતુ નથી. આવા સંજોગોમાં નવી ટ્રેઈન શરૂ કરવા ઉપરાંત આનુસંગિક સુવિધાઓ ઉભી કરવા માટે પણ મહામંડળે આયોજન કરવા રજુઆતમાં જણાંવાયુ છે.

## અનોખી ઉત્તેજના

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

વિજેતા જાહેર થયા હતા જયારે ભાજપના ત્રણ ઉમેદવારો બસ્સો મતની અંદરની સરસાઈથી જ વિજેતા બન્યા હતા જે વાતને લઈ બધા પક્ષો આ વખતે વધુ સક્રિય બન્યા છે. અપક્ષ ઉમેદવારને પણ બીજી સામાન્ય ચૂંટણીમાં નોંધનીય મત મળ્યા હતા જે ઉલ્લેખનીય છે.

હાલ તો આ ચૂંટણીમાં બધા પક્ષો બન્ને હાથની આંગળીઓ પંજા સાથે દબાવી અને કાલના મતદાન પર મીટ માંડી બેઠા છે. આ વોર્ડમાં ૫૫ ટકા જેટલુ મતદાન છેલ્લી સામાન્ય ચૂંટણીમાં થયુ હતુ.

લોકસભાની ચૂંટણીમાં ભાજપના અમીત શાહને આ વોર્ડમાં મળેલી સરસાઈ પર ભાજપ મુસ્કાન છે તો કોંગ્રેસ પણ આજ વોર્ડના બે થી ત્રણ બુથમાં ભાજપ પર સરસાઈ ધરાવતુ હતુ એ વાત પણ એટલી જ મહત્વની છે.

આ ચૂંટણીએ સમગ્ર પાટનગરનું ધ્યાન કેન્દ્રીત કર્યુ છે. પ્રચાર અભિયાનમાં ક્યાંક સગાવાદ, ક્યાંક જ્ઞાતિવાદ, ક્યાંક પાર્ટીલાઈન તો ક્યાંક વ્યક્તીગત સંબંધો જેવા પગલાંઓ વચ્ચે મિત્રમંડળની રાજનીતિએ અનોખો રંગ સજાવ્યો છે.

## રાજ્યપાલ

● અનુસંધાન પહેલાનું ચાલુ

પૂર્વ પીએમ અટલ બિહારી વાજપેયીએ ૨૦૦૯માં રાજનીતિમાં સંન્યાસ લીધા પછી તેઓ લખનઉથી ૨૦૦૯માં લોકસભા સંસદ ચૂંટાયા હતા. ઉત્તર પ્રદેશની રાજનીતિમાં સક્રિય રહેતા ટંડન પ્રદેશની ભાજપ સરકારમાં પણ મંત્રી રહ્યા હતા. લાલજી ટંડનની રાજકીય શરૂઆત ૧૯૬૦માં થઈ હતી. માયાવતી અને કલ્યાણ સિંહની કેબિનેટમાં તેઓ નગર વિકાસ મંત્રી રહ્યા હતા. અમુક વર્ષો સુધી તેઓ વિપક્ષના નેતા પણ રહ્યા હતા. લાલજી ટંડને જેપી આંદોલનમાં પણ ભાગ લીધો હતો. ૨૧ જાન્યુઆરી ૧૯૪૧માં જન્મેલા આનંદીબેને જાન્યુઆરી ૨૦૧૮માં મધ્યપ્રદેશના રાજ્યપાલ તરીકે શપથ લીધા હતા. તેઓ રાજ્યના બીજા મહિલા રાજ્યપાલ હતા. આ પહેલા સરલા ગ્રેવાલ માર્ચ ૧૯૮૯થી ફેબ્રુઆરી ૧૯૯૦ સુધી આ રાજ્યના રાજ્યપાલ રહ્યા હતા. આંનદીબેન ૧૯૯૮માં ભાજપમાં સામેલ થયા હતા. ૧૯૯૫માં શંકર સિંહ વાઘેલાએ જ્યારે પાર્ટી છોડી ત્યારે તે કપરા સમયમાં તેમણે નરેન્દ્ર મોદી સાથે કામ કર્યું હતું. ૧૯૯૮માં ગુજરાત કેબિનેટમાં આવ્યા પછી તેમણે શિક્ષણ, મહિલા અને બાળ વિકાસ કલ્યાણ જેવા મંત્રાલયની જવાબદારી સંભાળી હતી. મે ૨૦૧૪થી ઓગસ્ટ ૨૦૧૬ સુધી તેઓ ગુજરાતના મુખ્યમંત્રી હતા.

## શીલા દીક્ષિત

● અનુસંધાન પહેલાનું ચાલુ

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ પણ શીલા દીક્ષિત અવસાન અંગે દુઃખ વ્યક્ત કર્યુ છે. મોદીએ ટ્વીટ કરીને કહ્યું છે કે, શીલા દીક્ષિત ખુબ જ મિલનશાહ હતા. દિલ્હીના વિકાસ માટે શીલા દીક્ષિતે ખુબ કામ કર્યું હતું. તેમના પરિવાર અને સમર્થકોને તેમની સાંત્વના છે. રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદે પણ શીલા દીક્ષિત અવસાન અંગે દુખ વ્યક્ત કર્યુ છે. ટ્વિટર પર રાષ્ટ્રપતિએ કહ્યું છે કે, કોંગ્રેસના વરિષ્ઠ નેતાના અવસાનથી તેમને દુઃખ થયું છે. તેમની અવધિ દરમિયાન દિલ્હીમાં પરિવર્તનનો ગાળો હતો. આને માટે તેમને યાદ કરવામાં આવશે. દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલે પણ શીલા દીક્ષિત અવસાન અંગે દુઃખ વ્યક્ત કર્યું છે. શીલા દીક્ષિત છેલ્લા ઘણા દિવસથી બિમાર રહ્યા હતા. કોંગ્રેસે હાલમાં તેમને દિલ્હી પ્રદેશ અધ્યક્ષની જવાબદારી સોંપેલી હતી. ૧૫ વર્ષ સુધી દિલ્હીના મુખ્યમંત્રી તરીકે શીલા દીક્ષિત રહ્યા હતા. દિલ્હીમાં સૌથી વધુ સમય સુધી મુખ્યમંત્રી તરીકે રહેવાનો તેમનો રેકોર્ડ રહેલો છે. અવસાનથી થોડાક દિવસ પહેલા સુધી શીલા દીક્ષિત રાજનિતિમાં સક્રિય દેખાયા હતા.

# મોડાસા જેસીસ હોલમાં સાબરડેરી દ્વારા જેસીસ સાથે સંકળાયેલા દૂધ વિતરકોની બેઠક યોજાઈ





મોડાસા, તા. ૨૦

મોડાસા જેસીસ મિલ્ક કમિટી દ્વારા સાબરડેરીમાંથી અમુલ દૂધ સમગ્ર મોડાસા શહેરમાં પેર્ચ્યુરાઈડ દૂધ વિતરકોની એક મિટિંગ મોડાસા જેસીસ હોલ ખાતે સાબરડેરીના માર્કેટિંગ વિભાગના ડેપ્યુટી મેનેજર એન.એલ. પટેલ અને સાબરડેરી માર્કેટિંગ વિભાગના રાકેશભાઈ પટેલ અને મોડાસાના અમુલ દૂધ રિટેલ વિતરકો ચાલીસ જેટલા ઉપસ્થિત રહ્યા હતા. આ મિટિંગમાં જેસીસ મિલ્ક કમિટીના પ્રમુખ નવનીત પરીખ મંત્રી, મુકુંદ શાહ તેમજ ઉપપ્રમુખ પણ ઉપસ્થિત રહ્યા હતા. સાબરડેરીને એક જાણકારી મળી હતી કે મોડાસા જેસીસના કેટલાક રિટેલરો દ્વારા અન્ય પ્રાઈવેટ દૂધ ડેરીનું દૂધ વેચાણ કરતા હતા ત્યારે સાબરડેરી દ્વારા અપાતું અમુલ પેર્ચ્યુરાઈડ દૂધ અંગેની વિસ્તુત માહિતી પૂરી પડતા રિટેલરો દ્વારા ખાનગી ડેરીના હલકી ગુણવત્તાનું દૂધ નહિ વેચવાનો મક્કમ નીર્ધાર કર્યો હતો અને સાબરડેરી દ્વારા અમુલ ગોલ્ડ અને શકિત દૂધ વેચાણ કરશે.



# ખેડબ્રહ્માના ગુંદેલ ગામે ઢુંઢીયા બાપજીની પ્રતિમા બનાવાઈ

ખેડબ્રહ્મા, તા. ૨૦

ખેડબ્રહ્મા પંથકમાં મેઘરાજાએ હાથતાળી આપી હોવાથી મહામુલો પાક સુકાવા માંડયો છે અને પશુ-પક્ષીઓ તથા માનવોને જીવવું મુશ્કેલ બની ગયું છે માટે ખેડબ્રહ્મા તાલુકાના ગુંદેલ ગામે મેઘરાજાને રીઝવવા બહેનોએ ઢુંઢીયા બાપજીની માટીની પ્રતિમા બનાવી માથે મુકી ઘેર-ઘેર ફરી મેઘરાજાને રીઝવવા ગામની બહેનોએ લોટો-લોટો જળ ચડાવી મેઘરાજાને પ્રાર્થના કરી હતી.